**<u>ગારીયાધારના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, મું.ગારીયાધાર</u>**

**રેગ્યુલર દિવાની મુકદમા નં. ૪૦૩/૨૦૨૪**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

આજરોજ સદરહું કામે વાદી કે તેના વિ.વ.શ્રી હાજર નથી કે કોઇ રીપોર્ટ નથી કે કોઇ રજુઆત નથી.

રેકર્ડ ધ્યાને લેતા આ કામે આંક– ૧૧ થી તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ મુદ્ધા કાઢેલ હતા અને ત્યારબાદથી આ કામ વાદીના પુરાવા ઉપર ચાલે છે. ત્યારબાદ તા.૦૪/૧૧/૨૦૨૫ થી વાદીને ઘણી તકો આપેલ તેમ છતાં તેઓ તરફે કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં રોજકામ ધ્યાને લેતા છેલ્લી ૪ મુદતથી કોઇ પુરાવો રજુ કરેલો નથી અને આજરોજ પણ વાદી તરફે કોઇ પુરાવો રજુ કરેલ નથી. જે હકીકત ધ્યાને લેતા વાદી તરફે સદરહું કેસ ચલાવવામાં કોઇ રસ જણાતો ન હોય જેથી સદરહું દાવો વાદી તરફે કોઇ પુરાવો રજુ કરેલ ન હોય જેથી તેઓની કસુરના કારણે ડિસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– ૩૦મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

**(હિતેશકુમાર રસીકલાલ ઠક્કર)**
પ્રિન્સીપાલ સિવીલ જજ
ગારીયાધાર
Code No.GJ01448